WITH AUTHOR'S COMPLIMENTS.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલ૦ પી૦ જૈન

ની

સંકેતલિપિ

ગુજરાતી શૉર્ટ-હૅન્ડ

[GUJRATI SHORT-HAND]

પ્રથમ ભાગ



આવિષ્કારક અને પ્રકાશક—

એલ૦ પૂનમચન્દ જૈન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ५८ ज/४(क)
पञ्जिका-संख्या.... २५५४२
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२५५४२.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५





CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલ૦ પી૦ જૈન

ની

સ્ટાક નંબર ૧૧૮૪-૧૧-૪

[બધી ભાષાઓનું શૉર્ટહેન્ડ]

ગુજરાતી ભાષામાં

ભાગ ૧ લો

આવિષ્કારક અને પ્રકાશક—

એલ૦ પૂનમચન્દ જૈન, બ્યાવર

ભારતીય સરકાર દ્વારા રજિસ્ટર્ડ કરાવીને આવિષ્કર્તાએ સર્વાધિકાર સુરક્ષિત રાખેલ છે.

પ્રથમાવૃત્તિ ૧૦૦૦ | ઈ૦ સં૦ ૧૯૪૦ | મૂલ્ય આઠ આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામસ્વરૂપ મિશ્રના પ્રબન્ધથી
મનોહર પ્રિન્ટિંગ વર્ક્સ, બ્યાવરમાં મુદ્રિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

કેટલાંક વર્ષોથી મારા હૃદયમાં એક એવી કલ્પના ઉઠ્યા કરતી હતી કે, બધા દેશવાસીઓ એક જ ભાષામાં બોલે એ તો અસંભવિત છે પરન્તુ સંભવ છે કે, એક જ લેખનપ્રણાલીમાં સફળતા મળી જાય. આ ઉપરથી હું એવા વિચાર ઉપર આવ્યો કે, એક એવી લિપિનો આવિષ્કાર કરવો જોઈએ કે, (૧) જે લિપિના સંકેતો એટલાં બધાં સરળ અને થોડાં હોય કે જે દ્વારા કોઈપણ દેશનો વિદ્વાન્ કેવળ પુસ્તકના આધારે માત્ર ત્રણ મહિનાના પરિશ્રમથી શીખીને સફળતા પ્રાપ્ત કરી શકે. (૨) આ લિપિના સંકેત એટલા બધા વ્યાપક હોવા જોઈએ કે, કોઈપણ દેશની કોઈપણ ભાષાનો શબ્દ આમાં સરળતાથી લખી શકાય. (૩) આ સંકેતલિપિ લખવામાં એટલી બધી સંક્ષિપ્ત અને પૂર્ણ હોવી જોઈએ કે, જેમને વક્તાની ભાષાનું થોડું પણ જ્ઞાન હોય તે વક્તાના મુખમાંથી નીકળેલા શબ્દોને શીઘ્રતાપૂર્વક આ લિપિમાં ઉતારી શકે.

આ ત્રણ મુદ્દાઓને દૃષ્ટિ સમક્ષ રાખી કોઈ સંકેતલિપિ તૈયાર કરવાની મારા હૃદયમાં કલ્પના હતી પરન્તુ આ કલ્પનાને મૂર્તસ્વરૂપ આપવા માટે ત્યારે એવી કોઈ પ્રબળ ઉત્તેજના ન હતી.

આ સંકેતલિપિને શીઘ્ર વ્યવસ્થિત રૂપ આપી ન શકવામાં એક મુખ્ય આપત્તિ એ પણ હતી કે, પ્રત્યેક સંકેત બીજા ગમે તેટલા સંકેતો સાથે મળી જાય તો પણ તે સંકેત પોતાના જ આકારનો દ્યોતક બન્યો રહે અર્થાત્ બે સંકેતો એક સાથે મળી જવા છતાં પણ ત્રીજા સંકેતનો સન્દેહ પેદા ન થાય; કારણ કે મારી એવી ઇચ્છા હતી કે, પ્રત્યેક શબ્દ કે વાક્યને અંકિત કરવામાં બની શકે ત્યાંસુધી કલમનો ઓછો ઉપયોગ કરવામાં આવે. આ પ્રમાણે સંકેતોનો પારસ્પરિક મેળ મેળવવાની આપત્તિએ જ મને વધારે મુશ્કેલીમાં મૂકી દીધો. સંકેતલિપિને વ્યવસ્થિત રૂપ આપવામાં બાધકભૂત તથા વિલમ્બ થવાનું કારણ આ જ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ આપત્તિઓ વિષે વિચાર કરતાં જ્યારે શ્રીમાન્ જૈનાચાર્ય પૂજ્યવર મુનિ શ્રી જવાહિરલાલજી મહારાજ સાહેબના અપૂર્વ અને વિલક્ષણ પ્રભાવોત્પાદક ભાષણો સાંભળી, હું પ્રભાવિત થયો ત્યારે મારી હૃદયગત સુષુપ્ત ભાવના પણ જાગ્રત થઈ ગઈ અને પ્રત્યેક મનુષ્ય પૂજ્યશ્રીના ઉચ્ચ ભાવોનું ગમે ત્યારે ચિંતન-મનન કરી શકે એવો પ્રયત્ન કરવાની મારામાં અન્તર પ્રેરણા થાય એ સ્વાભાવિક હતું.

જ્યારે દેશના પ્રસિદ્ધ નેતા પં૦ મદનમોહન માલવીયજી આદિ વિદ્વાનોએ પણ પૂજ્યશ્રીના ભાષણોની મુક્તકંઠે પ્રશંસા કરી છે અને સાંભળવામાં એ પણ આવ્યું છે કે, આ જ પૂજ્યશ્રીના વ્યાખ્યાનોને આધારે વિરચિત "ધર્મવ્યાખ્યા" નામની પુસ્તકની સંસાર-પ્રસિદ્ધ મહાત્મા ગાંધીજી એ પણ પ્રશંસા કરી છે અને તે પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ કરવાની પણ આવશ્યકતા બતાવેલી છે તો પછી ભલા મારા હૃદયમાં તેમના અમૂલ્ય ઉપદેશોને સંગ્રહિત કરવાના ભાવ જાગ્રત થાય તો તેમાં આશ્ચર્ય શું ? આ જ ઉદ્દેશથી પ્રેરિત થઈ હું ઉપર્યુક્ત સંકેત-લિપિને પરિપૂર્ણ કરવા માટે વિશેષ લક્ષ્યપૂર્વક પ્રયત્ન કરવા લાગ્યો. હર્ષનો વિષય છે કે, હું ઉપર્યુક્ત બધી આપત્તિઓને દૂર કરવામાં તથા ગુરુકૃપાથી આ લિપિને વ્યવહાર્ય બનાવવામાં સફળ થઇ શક્યો છું. આ સફળતા ના ઉત્સાહે જ મને આ સંકેતલિપિ (Short-Hand) માં સર્વપ્રથમ પુસ્તક લખવા માટે પ્રેરિત કર્યો છે.

મનુષ્ય જ્યારે કાંઈ બોલે છે ત્યારે તે વૈજ્ઞાનિકરૂપે શબ્દ અર્થાત્ અવાજ કરે છે અને આ જ શબ્દોના ભિન્નભિન્ન સંકેત બને છે. આ સંકેતો દ્વારા અનેક શબ્દ તથા વાકય બને છે. આ સંકેતો અધિક પ્રમાણમાં નથી પરન્તુ બહુ થોડા છે. જો કોઈ મનુષ્ય આ સંકેતોને બરાબર ઓળખી લે તો પછી કોઈપણ ભાષામાં કોઈ બોલ્યા કેમ ન હોય તો પણ તે શબ્દોને લિપિબદ્ધ કરી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તુત પુસ્તકમાં મેં શબ્દોની ધ્વનિને સંકેતબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. અને હું માનું છું કે, અમુક સીમા સુધી હું તેમાં સફળ પણ થઈ શક્યો છું. પાઠકો ઉપરની વાત ઉપરથી એ જાણી શકયા હશે કે, આ લિપિ ધ્વનિને લિપિબદ્ધ કરવાનું એક સાધન છે. અને આ કારણે જ આ સાધન દ્વારા કોઈપણ ભાષાની ધ્વનિ [અવાજ] લખી શકાય છે. પરન્તુ કેવળ ધ્વનિને લખવા માત્રથી જ આપણો ઉદ્દેશ સિદ્ધ થઈ શકે નહિ. સાધારણરીતે તો બધી ભાષાઓની વર્ણમાળાઓ જ ધ્વનિઓને લખવાનું સાધન છે પરન્તુ આપણે તો શૉર્ટહેન્ડ [સંકેતલિપિ] માં વિશેષતા આણવાની આવશ્યકતા છે. શૉર્ટહેન્ડની વિશેષતા એમાં જ રહેલી છે કે, વક્તા દ્વારા બોલવામાં આવેલ શબ્દોને શીઘ્રતાપૂર્વક અંકિત કરી તેમના મુખમાંથી બીજો શબ્દ નીકળે તે પહેલાં તે શબ્દને ગ્રહણ કરવા માટે યથા સમય ઉપર તૈયાર થઈ જવું. આ કાર્ય કરવા માટે ઘણા થોડા સમયમાં મનુષ્યે અધિક કાર્ય કરવાનું હોય છે. અને આ કારણે જ ચિન્હોને (સંકેતોને) સરળ બનાવવાની અતિ આવશ્યકતા રહે છે કે જેથી શબ્દો કે વાકયો શીઘ્રતા તથા સરળતાપૂર્વક લખી શકાય. આ લિપિને બદ્ધ કરવામાં સરળતા તથા શીઘ્રતાપૂર્વક લખી શકાય એવાં સંકેતો તરફ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. અમને અત્રે જણાવતાં હર્ષ થાય છે કે, આ સંકેતલિપિની સરળતા તથા શીઘ્રતાને કારણે આ સંકેતલિપિને વિદ્વાનોએ, કાઉન્સીલે, રાજરજવાડાએ અપનાવેલ છે. આ લિપિની વ્યવહાર્યતા તથા સરળતાને કારણે જ દેશની ભિન્નભિન્ન ભાષાઓમાં પુસ્તકોને પ્રકાશિત કરવાની આવશ્યકતા ઊભી થઈ છે. રાષ્ટ્ર નેતાઓએ તથા વિદ્વાનોએ આપેલી સમ્મતિ ઉપરથી પણ આ સંકેતલિપિની ઉપયોગિતા જણાયા વિના રહેશે નહિ.

આ લિપિમાં શુદ્ધતાપૂર્વક લખવામાં આવેલ લેખ આ જ લિપિના જાણકાર બીજા વિદ્વાન્ પણ સારી રીતે વાંચી શકશે. બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શૉર્ટહૅન્ડોનાં સંકેતોમાં પ્રાયઃ મોટાપણું તથા પાતળાપણું ઓછા વધતા પ્રમાણમાં હોવાને કારણે તથા ઉપર-નીચે લખવામાં શરતચૂક થવાને કારણે શબ્દોનો અર્થ એકને બદલે બીજો થઈ જાય છે તથા તે સંકેતો પણ એટલા બધા અધિક તથા કઠિન હોય છે કે તે સંકેતોને પૂર્ણરૂપે પ્રત્યેક સમયે યાદ રાખવા પણ મુશ્કેલ જણાય છે અને જો ચાર છ મહિના સુધી તે શૉર્ટહૅન્ડને લખવાનો અભ્યાસ કરવામાં ન આવે તો તેણે પુનઃ કઠિન પ્રયાસ કરવો પડે છે. અને ત્યારબાદ જ તે પોતાના કાર્યને ઉચિતરૂપે સંપન્ન કરવામાં સફળ થઈ શકે છે. આ સિવાય તે સંકેતો મોટા તથા પાતળા હોવાને કારણે ખાસ અમુક પ્રકારની કીંમતી ફાઉન્ટેનપેન રાખવાની આવશ્યકતા રહે છે; પરન્તુ મેં સંકેતોને અને તેટલાં સરળ તથા થોડાં બનાવવાનો યથાશક્તિ પૂર્ણરૂપે પ્રયત્ન કર્યો છે કે જેથી આ લિપિનો જાણકાર બીજો માણસ પણ આ લિપિના લેખકના લેખનો અનુવાદ કરી શકે. અને જો થોડા સમય માટે કારણવશાત્ સંકેતલિપિ લખવાનો અભ્યાસ બંધ પણ થઈ જાય તો પણ આ સંકેતોને કેવળ એક જ અઠવાડીયાના અભ્યાસથી ફરીથી તૈયાર કરી શકે. આ સંકેતોને લખવા માટે કેવળ અણીદાર સુંદર કોર્પીંગ પેન્સીલની જ આવશ્યકતા રહે છે.

ઉપર લખેલી વાતો ઉપરથી પાઠકો એ વાત તો સારી રીતે જાણી શકયા હશે કે, આ લિપિને જાણવા તથા સમજવા માટે વિશેષ પાંડિત્યની આવશ્યકતા નથી, તેમજ અધિક સમયનો ભોગ પણ આપવાની જરૂર નથી. એક સાધારણ ભણેલો વિદ્યાર્થી અર્થાત્ ચોથી ગુજરાતી પાસ કરેલ ચતુર વિદ્યાર્થી કેવળ ત્રણ મહિના સુધી કઠિન પ્રયાસ કરી આ લિપિના સંકેતો ઉપર આધિપત્ય પ્રાપ્ત કરી શકે છે. અને સંકેતલિપિ લખવાની ગતિ વધ્યા બાદ કોઈ પણ વક્તાના શબ્દોને શીઘ્રતાપૂર્વક લિપિબદ્ધ કરવામાં સમર્થ બની શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમને કેવળ આશા જ નહિ પરન્તુ વિશ્વાસ છે કે, આ સંકેતલિપિ કોર્ટ, ઑફિસ, વક્તાઓનાં વ્યાખ્યાનોની નોંધ, અધ્યાપકોની વ્યાખ્યાન-નોંધ તથા સમાચારપત્રોનાં સંવાદદાતાઓ જેમને શીઘ્રતાની આવશ્યકતા રહે છે તેમને બધાને માટે સમયની બચત કરવામાં અને યથાસમય ઉપર કાર્યને બરાબરરીતે સંપન્ન કરવામાં આ લિપિ અતિ સરલદાયક સિદ્ધ થશે.

આ સંકેતલિપિને સર્વપ્રથમ ૧૯૩૧ નવેમ્બરમાં એક નાનકડી પૉકેટ-પુસ્તિકા (ગુટકા) રૂપે હિન્દી ભાષામાં લખવામાં આવી હતી પરન્તુ પુસ્તક અતિ સંક્ષિપ્ત હોવાને કારણે શિક્ષાર્થીઓને અભ્યાસ કરવા માં મુશ્કેલી જણાવવા લાગી. આ વાતને ધ્યાનમાં રાખી પુસ્તકને અતિ સરળ બનાવવા માટે સંકેતલિપિની એક પાઠ્યપુસ્તકની (સીરીઝ) પાઠા-વલિ ત્રણ વિભાગમાં વિભક્ત કરી હિન્દીમાં પ્રકાશિત કરવામાં આવી જે જનસમાજને બહુ ઉપયોગી નિવડી.

સંકેતલિપિની આ પદ્ધતિ દ્વારા હિન્દી ભાષામાં તૈયાર થએલા શિક્ષાર્થીઓએ હિન્દી-સાહિત્ય-સમ્મેલન દિલ્હી તથા પૂ૦ ગાંધીજીના અધ્યક્ષપદે ઇન્દોરમાં થએલી હિન્દી સાહિત્ય-સમ્મેલનના ૨૪મા અધિ-વેશનની કાર્યવાહીની સંપૂર્ણ રીપોર્ટ આ સંકેતલિપિમાં લઈ ખ્યાતિ પ્રાપ્ત કરી. ત્યારબાદ સેજીસ્લેટીવ કાઉન્સીલ ઇન્દોર, તથા સી૦ પી૦, બરાર, સેજીસ્લેટિવ કાઉન્સીલ નાગપુર, સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ જોધપુર, જૈપુર, ઉદેપુર આદિ અનેક જગ્યાએ તથા અનેક સભા-સોસાયટીની કાર્યવાહીની સંતોષપ્રદ રીપોર્ટ લઈ આ સંકેતલિપિ શીખેલા શિક્ષા-ર્થીઓએ પ્રતિષ્ઠા તથા પ્રશંસા પ્રાપ્ત કરી. સંકેતલિપિની આ સરળતા તથા પ્રતિષ્ઠાથી પ્રભાવિત થઈ અનેક શિક્ષાર્થીઓ અધિક આકૃષ્ટ થયા અને પરિણામે પ્રયોગરૂપે સંકેતલિપિ શીખવવા માટે એક વર્ગ શ્રી જૈન વીરાશ્રમ, બ્યાવરના આશ્રયે ખોલવાની અનિવાર્ય આવશ્યકતા ઉભી થઈ.

તા૦ ૧૧મી જુન ૧૯૩૮ ના શુભ દિવસે શ્રી જૈન-વીરાશ્રમ બ્યાવરના આધીન એક સંકેતલિપિ ક્લાસ ખોલવામાં આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંક્ષેપમાં, આ શોર્ટહેન્ડની પ્રગતિ દિનપ્રતિદિન વધતી જાય છે. હમણાં જ થોડા સમય પહેલાં ગ્વાલીયરમાં હાઈકોર્ટના ત્રણ સ્થાન માટે શ્રીમાન્ માનનીય ચીફ જસ્ટિસ શ્રી જી૦ કે૦ શિંદે સાહેબની અધ્યક્ષતા નીચે હિન્દી-શોર્ટહેન્ડ પદ્ધતિનું કમ્પીટિશન થયું હતું. આ કમ્પીટિશનમાં ભિન્નભિન્ન સંકેતલિપિની પદ્ધતિઓને જાણનાર સાત ઉમેદવારો સમ્મિલિત થયા હતા. આમાં બનારસથી શીખીને આવેલા ૧૨૫ ની સ્પીડવાળા બે અને ૧૦૫ ની સ્પીડવાળા એક હતા. આ સાત ઉમેદવારોમાં થી ત્રણ ઉમેદવારો કે જેઓ આ સંકેતલિપિના જાણનારા (શ્રી શ્યામનારાયણ ગુપ્તા, મૌલાના મોહમ્મદ અસગર કુરેશી તથા શ્રી ગણપતરાવ ઓદ્દી) હતા, તેઓજ સફળ થયા અને ઉપર્યુક્ત ત્રણેય સ્થાનો ઉપર તેમને જ નિયુક્ત કરવામાં આવ્યા. ઈ૦ સં૦ ૧૯૩૮ ના જાન્યુઆરીના અન્તમાં અજમેર-મેરવાડા રાજનૈતિક સંમેલન તરફથી હિન્દુસ્થાની શોર્ટહેન્ડની પ્રતિયોગિતા થઈ હતી જેમાં શ્રી જૈન વીરાશ્રમના વિ૦ પ્રેમરાજ જૈને ૧૪૦ શબ્દનો રેકોર્ડ સ્થાપિત કરી સુવર્ણપદક મેળવ્યું હતું.

આ સંકેતલિપિની ઉપયોગિતાથી આકૃષ્ટ થઈને અખિલ ભારતવર્ષીય હિન્દી સાહિત્ય સંમેલન પ્રયાગની સંપાદકીય કલાની પરીક્ષામાં તથા અંગ્રેજીમાં પણ લંડન ચેમ્બર ઓફ કોમર્સ (London Chamber of Commerce) ની શોર્ટહેન્ડની પરીક્ષામાં પણ સ્થાન આપવામાં આવ્યું છે. આ પ્રમાણે આ સંકેતલિપિની પ્રગતિ દિનપ્રતિદિન વધતી જાય છે.

અમને આશા છે કે, ગુજરાતી જનસમાજ પણ હિન્દીપ્રેમીઓની માફક આ પુસ્તક દ્વારા સંકેતલિપિનો યથેષ્ટ લાભ લેશે. જો ગુજરાતી જનસમાજ તરફથી આ પ્રથમ પુસ્તકને પ્રોત્સાહન મળ્યું તો બીજો તથા ત્રીજો ભાગ પણ પ્રકાશિત કરવા માટે હું ઉત્સાહિત થઈશ. સુજ્ઞેષુ કિં બહુના.

નિવેદક

એલ૦ પૂનમચન્દ જૈન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧ લો

સંકેતલિપિના અક્ષરો

 ક	 ગ	 ચ	 જ
ટ	 ડ	 ણ	 ત
 દ	 ન	 પ	 બ
 મ	 ય	 ર	 લ
 વ	 સ	 હ	 ક્ષ
	 જ્ઞ		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨ જો

વ્યંજનોને યાદ કરવાનો સરલ ઉપાય

અથવા

ભિન્ન-ભિન્ન સિદ્ધાન્તોને આધારે બનેલ સમાન સંકેતોનો સમૂહ.

(૧) સમૂહ—પ, બ

(૨) સમૂહ—ક, ચ, જ

(૩) સમૂહ—ણ, ન, મ

(૪) સમૂહ—ટ, ડ, ત, ક્ષ

(૫) સમૂહ—ય, ર, લ, સ

(૬) સમૂહ—ગ, દ, વ, હ, જ્ઞ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩ જો

ઓળખવા માટે વ્યંજન સંકેત



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪ થો

મોટી ધ્વનિના વ્યંજનો

પહેલા પાઠમાં વ્યંજનોના કેવળ ૨૧ જ સંકેત આપવામાં આવેલ છે. આ સિવાય ગુજરાતીમાં જે વ્યંજનો છે તે વ્યંજનોની ધ્વનિ પણ આ વ્યંજનોની સાથે ઘણીખરી મળતી છે. ધ્વનિમાં કેવલ થોડું મોટાપણું હોય છે. મેળ ખાતી કોમલ ધ્વનિની નીચે બિન્દુ લગાવવાથી તે મોટા ધ્વનિનો વ્યંજન બની જાય છે. મોટી ધ્વનિનાં વ્યંજનો કયા વ્યંજનમાંથી કેવીરીતે બને છે, એ નીચે સ્પષ્ટ રીતે બતાવવામાં આવેલ છે:—

મોટી ધ્વનિના વ્યંજનો

ક	ની મોટી ધ્વનિમાંથી	ખ	બને છે એટલા માટે ખ = ક़
ગ		ઘ	ઘ = ग़
ચ		છ	છ = च़
જ		ઝ	ઝ = ज़
ટ		ઠ	ઠ = ट़

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડ	ઢ	ઢ = ◌
ત	થ	થ = ◌
દ	ધ	ધ = ◌
૫	ફ	ફ = ◌
બ	ભ	ભ = ◌
સ	શ	શ = ◌
શ	ષ	ષ = ◌
લ	ળ	ળ = ◌

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫ મો

ગુજરાતી વ્યંજનોનાં કુલ સંકેતો



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૬ ઠ્ઠો

સંકેતલિપિમાં લખો

ધર	ખલ	દમ
જલ	ક્ષય	પટ
તટ	ગજ	યમ
વન	હર	નલ
ડર	મગ	યજ્ઞ
બળ	ધન	ફળ
ભજ	ઠગ	લખ
કર	થડ	સમ
શક	નમ	રજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૭ મો

ગુજરાતીમાં લખો



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૮ મો

સંકેતલિપિમાં લખો

સરલ	ગરમ	મગજ
કલશ	નમન	સકલ
દમન	યવન	કડક
પવન	કમલ	શરમ
ભરત	બાદન	કટક
મગર	રમણ	રકમ
ચરણ	સમય	વચન
નરક	મલમ	સહન
ખબર	ભજન	કપટ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૯ મો

ગુજરાતીમાં લખો



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૦ મો

સંકેતલિપિમાં લખો

મખમલ	ગણધર	પરભવ
કસરત	ઘરવટ	શરબત
ખટપટ	પનઘટ	નટખટ
ગણગણ	રજકણ	ઝટપટ
શશધર	ઘડપણ	શતદલ
તનમન	મલમલ	ગરદન
કરવત	જલચર	અકબંક
ચટપટ	પરધન	દશરથ
ગડબડ	મતલબ	નથમલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૧ મો

ગુજરાતીમાં લખો

ક્ષ્ય	ક્ષ્ય	ક્ષ્ય
ક્ષ્ય	ક્ષ્ય	ક્ષ્ય
ક્ષ્ય	ક્ષ્ય	ક્ષ્ય
ક્ષ્ય	ક્ષ્ય	ક્ષ્ય
ક્ષ્ય	ક્ષ્ય	ક્ષ્ય
ક્ષ્ય	ક્ષ્ય	ક્ષ્ય
ક્ષ્ય	ક્ષ્ય	ક્ષ્ય
ક્ષ્ય	ક્ષ્ય	ક્ષ્ય
ક્ષ્ય	ક્ષ્ય	ક્ષ્ય
ક્ષ્ય	ક્ષ્ય	ક્ષ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૨ મો

સ્વર

સંકેતલિપિમાં મૂળ સ્વર ચાર જ છે :—

અ	ઇ	ઉ	ઋ
⊃	⊂	∪	⊂

આ સિવાય ગુજરાતીમાં બીજા જે સ્વરો છે તે ઉપર જણાવેલ ચાર સ્વરોની સહાયતાથી બની શકે છે.

ગુજરાતીમાં નીચે જણાવેલાં સ્વરો છે :—

અ	આ	એ	ઐ	ઓ	ઔ	અં	અઃ
⊃	⊃́	⊃̃	⊃̃́	⊃̄	⊃̄́	⊃̇	⊃ः

ઇ	ઈ	ઉ	ઊ
⊂	⊂̣	∪	∪̣

નોટઃ—'ઇ' અને 'ઋ' નો એક સરખો સંકેત હોવાથી ઘણાને ભ્રમ પેદા થવાની સંભાવના રહે છે, પણ અહીં ભ્રમ પેદા થાય એવો સંભવ નથી. કારણ કે 'ઇ' નો સંકેત તો બીજા સંકેતોની સાથે જોડવામાં આવે છે અને 'ઋ' નો સંકેત તો તદ્દન જુદો રાખવામાં આવે છે અને તે બીજા સંકેતોની નીચે લખવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૩ મો

માત્રાઓ

ગુજરાતીની માત્રાઓની માફક સંકેતલિપિમાં પણ માત્રાઓ હોય છે અને ગુજરાતીમાં જે પ્રમાણે માત્રાઓ લગાડવામાં આવે છે તે જ પ્રમાણે સંકેતલિપિમાં પણ લગાવવામાં આવે છે.

માત્રાઓ નીચે પ્રમાણે છે :—

આ	ઇ	ઈ	ઉ	ઊ	એ	ઐ	ઓ	ઔ	અં	અઃ
ા	િ	ી	ુ	ૂ	ે	ૈ	ો	ૌ	ં	ઃ

માત્રાની સાથે જો અનુસ્વાર આવે તો માત્રા અને અનુસ્વાર ને જુદાજુદા લખવાની જરૂર નથી. અનુસ્વાર માત્રાની સાથે જ લખી દેવો જોઇએ; પરન્તુ આ પ્રથમ પુસ્તક હોવાને કારણે માત્રાઓ અને અનુસ્વાર જુદાજુદા જ બતાવવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૪ મો

સંકેતલિપિમાં લખો

દાન	કામ	રામ	નામ
દાદા	મામા	કાકા	રાજા
માબાપ	સમતા	આકાશ	કારક
જાવક	તાડન	નારદ	પાલન

નવકાર જપ. પાઠશાલા જા.

મારા માબાપ સારા હતા.

ચા તથા પાન ઝટ લાવ.

અમારા રાજા ગાયન ગાતા હતા.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૫ મો

ગુજરાતીમાં લખો



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૬ મો

સંકેતલિપિમાં લખો

શિક્ષા	પિતા	કવિ	જિન
મતિ	હરિ	ભિક્ષા	હિત
વિનય	શિયળ	કિરણ	વિહાર
તિમિર	પિશાચ	ફિકર	વિમાન
નમિનાથ	શિરતાજ	વિજ્ઞાપન	હિમાલય

હિતશિક્ષા ધારણ કર.

વિનય વિના નહિ જ્ઞાન.

હરિભાઈ બિહાર ગયા હતા.

નમિનાથ જિન ભગવાન હતા.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૭ મો

ગુજરાતીમાં લખો













CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૮ મો

સંકેતલિપિમાં લખો

સીતા	દીન	વીર	ટીકા
નીતિ	નદી	દીક્ષા	વાણી
જીવન	પરીક્ષા	ધીરજ	ગરીબ
ઇટાલી	તીતર	મશીન	પાલખી
સદાચારી	અવિનીત	દીપાવલી	ભારતીય

કાશી નગરી સારી હતી.

સીતા સાચી સતી હતી.

અમીરની દીકરી ઇટાલી ગઈ હતી.

હરજીના મકાનની દીવાલ પડી ગઈ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૯ મો

ગુજરાતીમાં લખો

















CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૦ મો

સંકેતલિપિમાં લખો

શુભ	ગુણ	ગુરુ	સુખ
કુલ	મધુ	શિશુ	ભાનુ
ગુલાબ	યુવક	સુધાર	કુમાર
દયાળુ	દુનિયા	મધુર	સુમન
ગુરુકુળ	સમુદાય	કુલવાડી	બુધવાર

સાધુ પુરુષ મધુરભાષી હતા.

કુમાર ! સદા શુભ ગુણ ધારણ કર.

સુધારક યુવક કુલીનતાની રક્ષા કરતા હતા.

ઉદયપુરના રાણા દયાળુ તથા ગુણવાન હતા.

———❀❀❀———

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૧ મો

ગુજરાતીમાં લખો













CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૨ મો

સંકેતલિપિમાં લખો

ફૂલ	મૂળ	દૂધ	ભૂરા
દૂર	પૂલ	ભૂલ	મૂછ
ઘૂમટ	દૂષણ	સપૂત	સૂરજ
નૂતન	રૂબરૂ	રૂટર	સૂતર
રાજપૂત	ભરપૂર	મગદૂર	શૂરવીર

ભૂરાભાઈ મૂછાળા હતા.

દૂષણ, માનવીય ભૂષણ નથી.

ફળફૂલ તથા દૂધથી ભૂખ મટી ગઈ.

શૂરવીર ભૂપાલ સાચા સપૂત હતા.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૩ મો

ગુજરાતીમાં લખો











CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૪ મો

સંકેતલિપિમાં લખો

દેશ	પેટ	મેજ	મેવા
સેવા	શેઠ	જેલ	જેઠ
ચેતન	જલેબી	એકાર	પટેલ
કેસર	ચમેલી	એશક	સેવક
મેઘરથ	ઉપદેશ	પરદેશ	પેશાવર

પેટ કરાવે વેઠ.

સેવા કરે તે પામે મેવા.

મેઘરથ રાજા દયાલુ હતા.

રમેશની પેટી મહેશ પાસેથી તમે લીધી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૫ મો

ગુજરાતીમાં લખો

૧	૨	૩	૪
૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨
૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦

૬ ૦૩ ૨૫ ૨.

૧૦ ૧૭ ૧૫ (૫.

૯૧ ૪૫ ૧૦૪૫ ૯૧ ૧૭ ૨.

૧૫૭ ૧૦૭૫ ૭૨ ૨ ૧૭ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૬ મો

સંકેતલિપિમાં લખો

જૈન	શૈવ	દ્વૈત	શૈલી
પૈસા	ચૈત્ર	મૈકા	મૈના
ચૈત	ભૈરવ	જૈપુર	વૈશાખ
વૈભવ	સૈનિક	હૈદર	પૈશાચ
ઐરાવત	નૈયાયિક	જૈનશાલા	જૈસલમેર

શૈવ શિવને પૂજે છે.

મૈસૂર વૈભવશાલી દેશ છે.

હૈદરની પાસે છૂટા પૈસા હતા.

સૈનિક ઐરાવત હાથી ઉપર બેસે છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૭ મો

ગુજરાતીમાં લખો













CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૮ મો

સંકેતલિપિમાં લખો

લોભ	ચોર	ઘોડો	પોલ
મોર	હોળી	યોગ	શોક
તોરણ	કઠોર	ગોપાલ	ઠોકર
મોટર	પાડોશી	મોહન	બોટલ
મનોહર	ટેલીફોન	પોપલીલા	કોહિનૂર

ગોપાલ ગાયોને ચરાવે છે.

કસોટી કોયલા જેવી કાળી છે.

મોહન સો તોલા સોનાનો સોદો કરે છે.

ચોર નોટ ચોરી મોટરથી લાહોર નાશી ગયો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૯ મો

ગુજરાતીમાં લખો





CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૦ મો

સંકેતલિપિમાં લખો

નૌકા	મૌન	ચૌર	ગૌણ
ગૌરી	પૌષ	ચૌદ	ચૌટા
ગૌતમ	ગૌરવ	કૌમુદી	ગૌરક્ષા
કૌતુક	જૌહર	કૌરવ	કૌમાર
પૌરાણિક	ગૌપાલક	જૌનપુર	મૌનવ્રત

ગૌપાલકો ! ગૌરક્ષા કરો.

ગૌતમ ગૌરવશીલ હતા.

જૌહર કરવાથી ગૌરવ વધે છે.

જૌનપુરથી ધૌલપુર બહુ દૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૧ મો

ગુજરાતીમાં લખો

ક્ર	ક્ષ	જ્ઞ	શ્ર
ઋ	ઌ	ૠ	ૡ
ક્રમ	ક્ષય	ત્રિ	જ્ઞા
ક્ષુધા	ક્રૂર	શ્રમ	ત્રુ
ક્રમાંક	જ્ઞાતિ	ક્ષેત્રફળ	ક્રમાનુસાર

જ્ઞા ઉપર બાર કાઢવો.

બાર ત્રિ, ત્રા ત્રુ ત્રૂ ત્રૃ.

ક્ષ ક્રમાનુસાર ત્રુ ત્રૂ ક્ષ.

ક્રમાંક ગણ ક્ષેત્રફળ પ્રમાણે ક્રમ ગોઠવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૨ મો

સંકેતલિપિમાં લખો

હંસ	સંઘ	શંખ	ગંગા
છંદ	રંગ	સંગ	ભંગ
પતંગ	તરંગ	સુગંધ	આતંક
કુંદન	અહિંસા	પંકજ	અંદર
નિરંજન	અરિહંત	ભયભંજન	નિરંતર

ગંગાનાં તરંગમાં હંસ રમત કરે છે.

ભયભંજક ભગવાન નિરંજન હોય છે.

ગંગાજ અને પંજાબમાં ચાંદી મોંઘી મળે છે.

જંગલી હાથીના આતંકથી વાંદરાઓ ભાગી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૩ મો

ગુજરાતીમાં લખો











CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ॐ
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૪ મો

❀ સંયુક્તાક્ષર ❀

ગુજરાતી ભાષામાં કેટલાક અક્ષરો જોડાક્ષર હોય છે. જોડાક્ષરોમાં પહેલો અક્ષર અડધો હોય છે. સંકેતલિપિમાં જે અક્ષરને અડધો બનાવવાનો હોય છે તે અર્ધ અક્ષરના સંકેતની નીચે આવું ^ નિશાન કરવામાં આવે છે. જેમકે :—



સમાન સંયુક્તાક્ષર

એક જ જાતિના બે અક્ષરો સંયુક્ત આવે તો તે સંયુક્તાક્ષરોને જુદાજુદા લખવાની આવશ્યકતા નથી પરન્તુ એક જ અક્ષર લખી તેની નીચે આવું v નિશાન કરવા માત્રથી તે અક્ષર દ્વિત્વ (ડબલ) થઈ જાય છે. જેમકે :—



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ઉપમો

નાની અને મોટી ધ્વનિના સંયુક્તાક્ષરો

જ્યે સંયુક્તાક્ષરમાં પહેલો અક્ષર (અડધા અક્ષર) નાની ધ્વનિનો હોય અને બીજો અક્ષર મોટી ધ્વનિ નો હોય તો નાની ધ્વનિનો અક્ષર લખી તેની નીચે ८ નિશાન કરવાથી મોટી ધ્વનિનો અક્ષર પણ સમજવામાં આવી જશે, જેમકે :—

સજ્જાય ⁄ ⁄ ⁄ ચિટ્ઠી ⁄ ⁄

પત્થર ⁄ ⁄ તુચ્છ ⁄ ⁄

ઉત્થાન ⁄ ⁄ ઉદ્ધાર ⁄ ⁄

મચ્છર ⁄ ⁄ સદ્ધર્મ ⁄ ⁄

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૬ મો

સંકેતલિપિમાં લખો

વાક્ય	સંખ્યા	વાગ્દેવી	ઉલ્લાસ
ઉચ્ચારણ	રમ્ય	અચ્યુત	સત્કર્મ
રાજ્ય	ઉદ્દેશ	ઉદ્યમ	ઉદ્ધાર
ઉત્તમ	ન્યાય	સ્વામી	ફાલ્ગુન
ધ્વનિ	ઉષ્ણ	જડેશ્વર	આશ્વિન
કાશ્મીર	કાશ્યપ	સિદ્ધાર્થ	સિદ્ધાત્મા

ઉજ્જૈનનો રાજા દિગ્વિજયી હતો.

કાશ્મીર ઉત્તમ તથા ધનાઢ્ય સ્થાન છે.

સત્યવક્તા મિથ્યા ધ્યાન પણ કરતો નથી.

વિદ્યા ભિન્ન ભિન્ન કારણોથી વિખ્યાત બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૭ મો

ગુજરાતીમાં લખો

૧૯૫	૨૦૬૯	૨૯૬	૩૫૬
૪૯૧	૨૦૧૯	૩૬૦૮	૩૬૬૬
૬૯૧૬	૧૫૬	૩૯૯૯	૪૬૦
૩૯૬	૫૫૯૬	૯૬૧૧	૨૦૬૬
૩૯૬)	૨૯૬)	૬૯૬	૨૧૬૬

૧૯૧૬ ૩(૯૬૬ ૧૬૫ ૧૬ ૬૬.

૧૯૬ ૯૬ ૫૬૬ ૧૯૬૬ ૧૯૬૩ ૫૬૬.

૬૬૧૬ ૯૬૬ ૩૫૬૬ ૨૦૧૬ ૩૫૬ ૯૫ ૬૬.

૧૬૬ ૬૯૩ ૩૬૬ ૧૬૩૬ ૬૬૬૬ ૩૬૬૬ ૩૬૬૬ ૬૬૬૬ ૬૬૬૬ ૬

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૮ મો

અર્ધ રકાર અને ઋની માત્રા

જ્યારે 'ર' તેની પૂર્વના અર્ધ અક્ષર સાથે જોડાય છે ત્યારે ગુજરાતીમાં 'ર' ને તે અક્ષરની નીચે લગાવવામાં આવે છે. જેમકે— વક્ર, ઘ્રાણ, વજ્ર આદિ, સંકેતલિપિમાં પણ 'ર' ની માફક નાનું નિશાન ડાબી બાજુના અર્ધ અક્ષરના સંકેતની નીચે પૃથક્ લગાવવામાં આવે છે. જેમકે :—






નોટ—રકાર જ્યારે અડધો હોય છે ત્યારે તે સંયુક્તાક્ષરની નીચે ૩૪ મા પાઠ પ્રમાણે જ લખવામાં આવે છે.

ઋની માત્રાનું સંકેતલિપિમાં ૮ આવું નિશાન રાખવામાં આવ્યું છે. આ નિશાન સંકેતોની નીચે પૃથક્ લગાવવામાં આવે છે, કારણ કે એથી ભ્રમ રહેવા પામતો નથી. ઉદાહરણ તરીકે—






CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૬ મો

સંકેતલિપિમાં લખો

ખોટું બોલવું ખરાબ છે. અભિમાન કરો નહિં.
માતા-પિતાની આજ્ઞા માનો. નકામું ખરચ ન કરો.

નીતિ નિયમો

૧ કોઈ ને દુઃખ દેવું નહિ.
૨ સાચું બોલવું.
૩ પ્રામાણિક બનવું.
૪ બોલેલું પાળવું.
૫ ઉદ્યોગી થવું.
૬ વિનયવાન બનવું.
૭ પવિત્ર રહેવું.
૮ ન્યાયી બનવું.
૯ સારા કામમાં હિંમતવાન થવું.
૧૦ સંતોષી બનવું.
૧૧ વિવેકી થવું.
૧૨ સુશીલ બનવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૦ મો

ગુજરાતીમાં લખો

૧ ગિરીશ રોજ ૧૦ વાગે નિશાળે જાય છે.

૨ મારું નિશાળે કેમ બરાબર જતું નથી.

૩ પોપટ ઝાડની ડાળે બેસીને શું બોલે છે.

૪ નિરંજન મિત્રો સાથે બગીચામાં રમવા જાય છે.

૫ બધાએ રોજ નિયમસર કસરત કરવી જોઈએ.

૬ રોજ સવારે ઊઠીને શું કરવું જોઈએ.

૭ મારે ઘેર ગાય દૂધ આપે છે.

૮ ઘરડાં માણસોને રોજ ચાલવું સારું છે.

૯ રોજ ૧૦૦ ઊઠબેસ કરવી જોઈએ.

૧૦ ઉનાળામાં રોજ ૧ વાગે ઊઠવું પડે છે.

૧૧ ઘરડાં માણસોને માન આપવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૧ મો

સંકેતલિપિમાં લખો

જે કોઈ આગળ-પાછળનો વિચાર કર્યા વિના ક્રોધ કરે છે, તે હમેશાં નુકશાનને પામે છે.

ખોટું બોલનાર છોકરાઓ સત્ય બોલવા છતાં પણ વિશ્વાસ-પાત્ર બની શકતા નથી.

જે કાર્ય આપણને પસન્દ ન હોય, તે કાર્ય બીજાઓ પ્રત્યે કરવું ન જોઇએ.

ઉત્તમ મનુષ્યો, કોઈ દિવસ કોઈના પ્રત્યે દ્વેષ રાખતા નથી.

સહીએ સંકટ સર્વ પણ, કહીએ સાચી વાત;
લઇએ સુખ પરલોકમાં, રહીએ સુખી દિન રાત.

શત્રુઓ જો નમ્રતાપૂર્વક વાતચીત કરે તો પણ તેનો વિશ્વાસ ન કરો.

બુદ્ધિ, બધાં આકસ્મિક આક્રમણોને રોકનાર એક મજબૂત કવચ છે.

શિક્ષાપ્રદ વચનો ભલે થોડાં હોય તો પણ તેને ધ્યાનપૂર્વક સાંભળો.

વિવેકશીલ મનુષ્યે, હમેશાં પ્રત્યેક વાતમાં સત્ય તથા અસત્યનો વિવેક કરવો જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૨ મો

ગુજરાતીમાં લખો

ઉપર બતાવેલ (બોલવું) ક્રિયાપદ ક્રિયા બતાવે છે અને તે ક્રિયાપદ વાક્યમાં વપરાય છે.

ઘરમાં કોણ કોણ છે ? તે બધાં ઘરમાં શું શું કરે છે ? તે બધાં ક્રિયાપદ વાક્યમાં વપરાય છે.

ઉપરનું ક્રિયાપદ કોણ કરે છે ? તે બતાવે છે.

ક્રિયાપદ વાક્યમાં ક્યારે વપરાય છે ? તે બતાવે છે.

ક્રિયાપદ વાક્યમાં ક્યાં વપરાય છે ? તે બતાવે છે, તે ક્રિયાપદ વાક્યમાં ક્યાં વપરાય છે ? તે બતાવે છે.

ક્રિયાપદ વાક્યમાં કેવી રીતે વપરાય છે ? તે બતાવે છે.

ક્રિયાપદ વાક્યમાં કેટલી વાર વપરાય છે ? તે બતાવે છે.

ક્રિયાપદ વાક્યમાં કોની સાથે વપરાય છે ? તે બતાવે છે.

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૩ મો

સંકેતલિપિમાં લખો

આપત્તિઓને જે આપત્તિરૂપ સમજતો નથી તે આપત્તિઓને જ આપત્તિમાં નાંખી પાછી ધકેલી દે છે.

વિદ્વાનો ગમે ત્યાં પોતાની સાથે આનન્દ લઇ જાય છે પરન્તું ત્યારે તેઓ વિદાય લે છે ત્યારે પોતાની પાછળ દુઃખ છોડી જાય છે.

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત ;
હજી બાજી છે હાથમાં, ચેત નર તું ચેત.

જે માણસ સાવધાન દશામાં કોઈ નશા કરનારની દુર્ગતિ જુએ છે ત્યારે તે માણસ શું એ વાતનો નિર્ણય કરી શકતો નથી કે, જ્યારે પોતે નશો કરી બેહોશ બની જાય છે ત્યારે તેની કેવી ખરાબ દશા થતી હશે.

મૂર્ખ માણસ પોતાની મૂર્ખતાથી પોતાના માથે જેટલી મુશ્કેલીઓ આણે છે તેટલી મુશ્કેલીઓ તેના શત્રુઓ પણ પહોંચાડી શકતા નથી.

પરીક્ષા કર્યા વિના કોઈના ઉપર વિશ્વાસ ન કરો પણ પોતાના માણસની પરીક્ષા લીધા બાદ પ્રત્યેક ને યોગ્ય કામ આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૪ મો

ગુજરાતીમાં લખો

ગુજરાતી ભાષા બોલવામાં અને વાંચવામાં સરળ છે અને તેને શીખવામાં પણ સરળ છે. ગુજરાતી ભાષા બોલવામાં મીઠી છે.

ગુજરાતી ભાષા ગુજરાત રાજ્યની રાજ્ય ભાષા છે. ગુજરાતી ભાષા બોલનારા ગુજરાતી કહેવાય છે. ગુજરાતી ભાષા બોલનારા ગુજરાતમાં વસે છે.

ગુજરાતી ભાષામાં ઘણા સારા સારા કવિઓ થઈ ગયા છે. તેમણે ઘણી સારી સારી કવિતાઓ લખી છે.

ગુજરાતી ભાષામાં ઘણા સારા સારા લેખકો થઈ ગયા છે. તેમણે ઘણા સારા સારા પુસ્તકો લખ્યા છે.

ગુજરાતી ભાષામાં ઘણા સારા સારા નાટકો લખાયા છે. તે નાટકો ભજવવામાં પણ આવ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૫ મો

સંકેતલિપિમાં લખો

ધરતી, તે લોકોને પણ આશ્રય આપે છે કે જેઓ તેને ખોદે છે. આ જ પ્રમાણે તમે પણ જે લોકો તમને સતાવે છે તે લોકોની વાતને પણ સહન કરો. કારણ કે સાચું મોટાપણું તેમાંજ રહેલું છે.

મીઠા શબ્દો હોવા છતાં પણ જે મનુષ્ય કડવાં શબ્દોનો પ્રયોગ કરે છે તે મનુષ્ય માનો કે પાકાં ફળને છોડી કાચાં ફળ ખાવાનું પસન્દ કરે છે.

જે કોઈ મનુષ્ય જાણીજોઈ ને કામ કરવાની ચોરી કરે અને હાથ જોડીને નકામો બેસી રહે તો તે માણસને માટે ખરેખર તે શરમની વાત કહેવાય.

આળસમાં દરીદ્રતાનો નિવાસ છે, પરન્તુ જે આળસ કરતો નથી, તેના પરિશ્રમમાં લક્ષ્મી રહે છે.

જ્યારે તમારી ઉપર કોઈ કષ્ટ આવી પડે તો તમે તે કષ્ટોનો હસતાં હસતાં સામનો કરો. કારણ કે મનુષ્યની પાસે આપત્તિનો સામનો કરવા માટે હાસ્યથી વધારે કોઈ પણ વસ્તુ નથી.

ઉત્સાહ એક અપૂર્વ શક્તિ છે. જેમનામાં ઉત્સાહ નથી, તેઓ તો કેવળ લાકડાનાં પૂતળાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૬ મો

ગુજરાતીમાં લખો

ઉપર આપેલ ગુજરાતી અક્ષરો, બારાખડી, જોડાક્ષરો અને અંકો ગુજરાતીમાં લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૭ મો

સંકેતલિપિમાં લખો

સારા દિવસોમાં મનુષ્યોને સેંકડો મિત્રો હોય છે, પરન્તુ જે મિત્ર વિપત્તિમાં પણ સાથ આપે છે તે જ સાચો મિત્ર કહી શકાય.

વિદ્યાને ચોર ચોરી શકતો નથી, રાજા છીનવી શકતો નથી તથા ભાઈ વિદ્યામાં ભાગ પડાવતો નથી એટલા માટે વિદ્યાથી વધારે કોઈ બીજું ધન નથી.

રાજા તો કેવળ પોતાના દેશમાં જ પૂજાય છે પરન્તુ વિદ્વાન્ તો દરેક જગ્યાએ આદર-સન્માન પામે છે.

સંગતિથી જ ગુણ કે અવગુણ પ્રાપ્ત થાય છે. જેમ કે ફુલની સંગતિથી કીડો પણ સત્પુરુષના મસ્તક ઉપર ચઢી જાય છે.

જો દુશ્મન બહુ નમ્રતાપૂર્વક વ્યવહાર કરે તો પણ તેનો વિશ્વાસ કરો નહિ, કારણ કે કમાન જ્યારે નમી જાય છે ત્યારે તેનાથી નુકશાન થવાનો જ સંભવ રહે છે.

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન ;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન ।

જે કોઈ મહાન્ બનવા ચાહે છે તેણે જે કામ પોતે કરી શકે છે તે કામ બીજાની પાસે કરાવવું ન જોઇએ અને કદાચ બીજાની પાસે કામ કરાવવું હોય તો તેણે તે કામમાં મદદ કરવી જોઇએ.

॥ સમાપ્ત ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલ૦ પી૦ જૈનની સંકેતલિપિ

ગુજરાતી ભાષા બોલનાર માટે તદ્દન નવો અદ્‌ભુત આવિષ્કાર

આ વિજ્ઞાનયુગમાં સમય અને શક્તિની બહુ કીંમત છે. આ સંકેતલિપિ દ્વારા સમય અને શક્તિનો બચાવ થવાની સાથે સાથે લાભ પણ અનેક થાય છે. આર્થિક સંકટની અવસ્થામાં તો આ સંકેતલિપિ અનેક વિદ્યાર્થીઓને માટે આશીર્વાદરૂપ નીવડી છે. આજે ભણેલ-ગણેલાઓને પણ નોકરી માટે અહીંતહીં ભટકવું પડે છે ત્યારે આ લિપિને જાણનાર શિક્ષાર્થીને નોકરી માટે ભટકવું પડતું નથી. વિદ્યાર્થીઓએ ભવિષ્યનું જીવન સરળ, સુખપ્રદ અને શાન્તિમય બનાવવા માટે આજથી જ—

એલ૦ પી૦ જૈનની સંકેતલિપિ

ભણવાનો

આરંભ કરી દેવો જોઈએ

કારણ કે :—

(૧) ગુજરાતીમાં આ પહેલી જ સંકેતલિપિ છે કે જેણે આટલી બધી સંપૂર્ણ સફળતા મેળવી છે.

(૨) આ લિપિ દ્વારા હિન્દી, ઊર્દુ, અંગ્રેજી આદિ બધી ભાષાઓમાં આપેલાં ભાષણોને બહુ જ શીઘ્રતાપૂર્વક લખી શકાય છે.

(૩) આજે સમયના કટોકટીના જમાનામાં આ લિપિનો જાણનાર ચાર માણસનું કામ કરી શકે છે.

એટલા માટે—

[ક] આ લિપિના જાણકારને નોકરીમાં વધારેમાં વધારે પગાર મળવાની સંભાવના છે.

[ખ] વ્યવસાયમાં થોડી શક્તિ અને થોડા સમયનો ભોગ આપવા છતાં વધારેમાં વધારે લાભ થવાની સંભાવના છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) આ લિપિ એટલી બધી સરળ છે કે, આમાં કેવળ ૩૮ જ સંકેત છે અને આ સંકેતો પણ બહુ જ સરળતાપૂર્વક યાદ રાખી શકાય છે.

(૫) આ સંકેતલિપિથી વધારે સરળ કોઈપણ ભાષામાં કોઈપણ શોર્ટહેન્ડ નથી.

(૬) એ સમય બહુ દૂર નથી કે, જ્યારે કેવળ આ લિપિનો જાણકાર જ કોઈપણ સમાચારપત્રનો સંવાદદાતા બનાવવામાં આવશે.

(૭) રાજનૈતિક, ઔદ્યોગિક, વ્યાવહારિક અને સામાજિક પરિવર્ત્તનમાં તેઓ જ સફળ થઈ શકશે કે જેઓ સમયનો બચાવ કરી શકશે.

(૮) આ પહેલું જ અભૂતપૂર્વ શોર્ટહેન્ડ છે કે, જેમાં અનભિજ્ઞ ભાષામાં અપાએલું ભાષણ પણ સફળતાપૂર્વક લખી શકાય છે.

(૯) તે સમય બહુ જ નજદીક છે કે, જ્યારે બધી શિક્ષણ-સંસ્થાઓના અભ્યાસક્રમમાં આ સંકેતલિપિને મહત્ત્વનું સ્થાન આપવામાં આવશે.

(૧૦) આ સંકેતલિપિમાં પ્રવીણ થએલ વિદ્યાર્થી પોતાનાં કે બીજાનાં સંકેતો લાંબો સમય વ્યતીત થવા છતાં પણ સફળતાપૂર્વક વાંચી શકે છે.

(૧૧) બધી ભાષાઓની નોટ શીઘ્રતાપૂર્વક લખી શકવાને કારણે જ

એલ૦ પી૦ જૈનની સંકેતલિપિ

સાર્વદેશિક

અને

અન્તરૂ રાષ્ટ્રીય સંકેતલિપિ છે.

(૧૨) આ સંકેતલિપિ પ્રકાશિત થયા બાદ થોડા જ સમયમાં વિદ્વાનોએ આ લિપિની મુક્તકંઠે પ્રશંસા કરી છે જેમાંની કેટલીક સમ્મતિઓનો સાર અત્રે સંક્ષેપમાં આપવામાં આવે છે :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Opinions of Prominent Persons.
विद्वानों की कुछ सम्मतियां।

Mahatma Gandhi (Faizpur Congress Camp)

....."You have reported several Mahatmaji's speeches verbatim and given him entire satisfaction". (Sd.) Mahadeo Desai.

श्रीमान् सवाई महेन्द्र महाराजा बहादुर ओरछा नरेश

श्री लाला पूनमचन्दजी जैन व्यावर की बनाई हुई 'संकेत-लिपि' के आधार पर उनके विद्यार्थियों ने मेरा भाषण लिखा है उससे यह प्रतीत होता है कि प्रायः १०० एक सौ शब्द एक मिनिट में लिखे जा सकते हैं। इसकी परीक्षा स्वयं मैंने ली है और मुझे इस लिपि की उन्नति में बहुत सन्तोष हुआ। इस आविष्कार से भविष्य में हिन्दी साहित्य में बहुत सुगमता रहेगी। मेरा विचार है कि अपने राज्य-शिक्षा विभाग में, अन्य विभागों में एवं कार्यालयों में इसका शीघ्र प्रचार किया जावे। मुझे यह जानकर अत्यन्त हर्ष हुआ कि 'वीराश्रम व्यावर' सब प्रकार के साधन और सुविधायें हमें देने को तत्पर है।

मुझे पूर्ण विश्वास है कि परमात्मा इस शुभ कार्य में लिपि के निर्माणकर्त्ता को एवं विद्यार्थियों को सफलता प्रदान करेगा।

Sir Tej Bahadur Sapru, Ex-Law Minister Allahabad.

I dictated about a dozen lines in Hindi to the two Short-hand writers, who took down

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

what I said most accurately and aslo very rapidly. I have been much impressed by their work and I think there should be plenty of scope for work of this kind in these days wnen there is a growing demand for reporting of Hindi and Urdu speeches.

P. Seshadri. M. A. Principal; Government College; Ajmer.

It is very cleverly designed and is calculated to meet the needs of any language. His pupil demonstrated it in connection with Tamil and Telugu languages of which he had no knowledge and he was fairly successful in reproducing passages even from these languages. The system deserves an encouragement at the hands of merchants and authorities.

Secretary; Central Advisory Board; Jodhpur.

I am very thankful to you for deputing Messrs Gaj Singh and Prem Raj to take down notes of Hindi Speeches in lhe Central Advisory Board, Jodpur. They worked from August 7, 1939 to August 16, 1939.

I have looked into the reports and am very pleased to note the successful manner in which the speeches have been reproduced.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

I shall be glad if you will kindly convey to them my appreciation of their good work.

The system invented by you is indeed very useful, and deserves every encouragement.

Mr. J. L. Mithal; Vice-President; The Indore Legislative Council; Indore.

The Hindi Short-Hand notes of the debates and proceedings of the first session of the Indore Legislative Council taken down by the two reporters, Messrs B. Anand Raj Jain and Gaj Singh Jodha of Beawar, deputed by Mr. Poonam Chand Jain, Inventer of Sanket-Lipi, were found to be fairly accurate and satisfactory.

Mr. Poonam Chand Jain deserves to be congratulated on his invention which needs every encouragement.

२३वां अखिल भारतवर्षीय हिन्दी साहित्य सम्मेलन, देहली

श्री स्वागत समिति ने २३ वें अ० भा० हिन्दी साहित्य सम्मेलन दिल्ली के अवसर पर श्री ला० पूनमचन्दजी जैन द्वारा आविष्कृत हिन्दी संकेत-लिपि के ज्ञाता चार विद्यार्थियों को सम्मेलन की कार्यवाही लिखने के लिए ब्यावर से बुलाया था। हमें यह सूचित करते हर्ष होता है कि सभी विद्वानों ने अपने २

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भाषणों को इतना पूर्ण और स्पष्ट लिखा हुआ देख कर प्रसन्नता प्रगट की थी। यदि हिन्दी हितैषियों ने उपरोक्त लिपि के ज्ञाताओं को अपनाया तो वह दिन दूर नहीं जब अंग्रेजी की भांति हिन्दी संकेतलिपि नित्य के व्यवहार की वस्तु बन जायगी। हमें महती आशा और दृढ़ विश्वास है कि हिन्दी को राष्ट्र भाषा के उच्चासन पर देखने वाली प्रत्येक संस्था अपनी २ कार्यवाही इसी संकेत-लिपि में लिखवाने का उद्योग करेगी जिससे हिन्दी के इस अंग की पूर्ति अविलम्ब हो जावेगी। निस्सन्देह जैनजी इस अपूर्व सफलता के लिए बधाई के पात्र हैं।

श्रीयुत् जौहरीलाल मीतल, प्रधान मन्त्री,

अखिल भारतवर्षीय हिन्दी साहित्य सम्मेलन चौबीसवां अधिवेशन स्वागत समिति, इन्दौर

हिन्दी साहित्य सम्मेलन के चौबीसवें अधिवेशन का कार्य-विवरण लिखने के लिए आपके शिष्यों ने आपकी संकेतलिपि पद्धति से जिस सरलता के साथ ज्यों का त्यों विवरण लिखा वह सराहनीय था। हम स्वागत समिति की ओर से आपकी इस सफलता के लिए बधाई और कार्य-विवरण लिखने में सहायता देने के उपलक्ष्य में धन्यवाद देते हैं।

हमको यह जानकर आनन्द होता है कि आपकी संकेत-लिपि पद्धति सरल और बोधगम्य है व आपने संकेत-लिपि की इस नई पद्धति का आविष्कार करके राष्ट्र-भाषा हिन्दी के प्रचार में काफी सहायता दी है। आशा है आपकी संकेतलिपि पद्धति शीघ्र ही अत्युच्च स्थान प्राप्त करेगी।

———

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી જૈન વીરાશ્રમ, બ્યાવર

ના આશ્રયે ચાલતી

એલ૦ પી૦ જૈનની સંકેતલિપિ (શોર્ટહેન્ડ) ક્લાસમાં

સ્થાનીય વિદ્યાર્થીઓ સિવાય ભિનભિન્ન રાજ-રજવાડા તરફથી આવી

ઉત્તીર્ણ થએલ પરીક્ષાર્થીઓની નામાવલી

નંબર	નામ	વિભાગ (Department)	અભ્યાસક્રમ	સ્પીડ	ભાષા
		(કોટા સ્ટેટ)			
૧	શ્રી લાલચન્દ શર્મા	પોલીસ	છ મહિના	૧૧૦	હિન્દી
૨	" હીરાલાલ બેજલ	,,	,,	,,	,,
૩	" દેવીસિંહ રાજપૂત	,,	,,	,,	,,
૪	" કૃષ્ણચન્દ્ર કાયસ્થ	,,	,,	,,	,,
૫	" ધ્રુવપ્રસાદ શર્મા	,,	,,	૧૦૦	,,
૬	" અહમદુલ્લા ખાંન	,,	,,	૯૦	,,
		[વિલાસપુર સ્ટેટ (શિમલા હિલ્સ)]			
૭	શ્રી ચાંદસિંહ રાજપૂત	ક્લર્ક	છ મહિના	૧૦૦	હિન્દી
		[મંડી સ્ટેટ (શિમલા હિલ્સ)]			
૮	શ્રી કપૂરચન્દ	ક્લર્ક	છ મહિના	૧૧૦	હિન્દી
		મસૂદા સ્ટેટ			
૯	શ્રી રતનસિંહ જૈન	ક્લર્ક	ત્રણ મહિના	૮૫	હિન્દી
૧૦	" ચન્દ્રસિંહ રાજપૂત	,,	,,	,,	,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહિયર સ્ટેટ (સી૦ આઈ૦)

૧૧	શ્રી પી૦ ડી૦ શર્મા	કલર્ક	આઠ મહિના	૧૨૦	હિન્દી
				૮૦	અંગ્રેજી
૧૨	,, આર૦ સી૦ મિશ્રા	,,	છ મહિના	૧૦૦	હિન્દી

ટહેરી ગઢવાલ

૧૩	શ્રી રતનમણિ શર્મા	કલર્ક	ચાલુ અભ્યાસ	...	હિન્દી
૧૪	,, રતનસિંહ રાવત	,,	,,	...	,,

ગ્વાલિયર સ્ટેટ

૧૫	શ્રી શ્યામનારાયણ ગુપ્તા	ગ્વાલિયર સ્ટેટની કંપીટીશનની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ હાઈકોર્ટમાં હિન્દી સ્ટેનોટાઈપીસ્ટ થયા.
૧૬	,, ગણપતરાવ મોદી	
૧૭	,, મહમદ અસકર	
૧૮	,, કિશોરીમોહન	સંકેતલિપિની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી ઉચ્ચ નોકરીમાં પ્રોમોશન મળ્યું.
૧૯	ડા૦ શ્રી રામપ્રતાપ	
૨૦	શ્રી શ્રીકૃષ્ણસિંહ	

ઉપર લખેલ તથા સ્થાનીય વિદ્યાર્થીઓને સિવાય આબૂ, મદ્રાસ, ચિત્તોડ, તારાગઢ, અજમેર આદિ અનેક શહેરોના શિક્ષાર્થીઓ યોગ્યતાપૂર્વક હિંદી સાહિત્ય સમ્મેલનો, લેજિસ્લેટિવ કૌંસિલો અને એડવાઈઝરી બોર્ડોમાં રિપોર્ટ લઈ અનેક પ્રશંસાપત્રો પ્રાપ્ત કરેલ છે અને એમાથી કોઈ રિપોર્ટર તો દસ રુપીયા પ્રતિ દિનને હિસાબે રિપોર્ટો લીધી છે અને લઈ રહ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલ૦ પી૦ જૈનની સંકેતલિપિ (શૉર્ટ-હેન્ડ)

ગુજરાતી પ્રથમ ભાગ	...	...	॥)
હિન્દી–પ્રથમ ભાગ	...	...	॥)
દ્વિતીય ભાગ	...	...	૧)
તૃતીય ભાગ	...	...	૨)
પૂરો કોર્સ	...	...	૧)
અંગ્રેજી–પૂરો કોર્સ	...	...	૧॥)
,, ,, ડમીટેશન આર્ટ		...	૨)

પુસ્તક મળવાનું ઠેકાણું—

એલ૦ પી૦ જૈન, બ્યાવર (રાજપુતાના)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar